# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-03-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાસણ ગીરમાં રાષ્ટ્રીય રેફરલ સેન્ટરનો શિલાન્યાસ અને એશિયાઈ સિંહોની ગણતરી 2025નો શુભારંભ કર્યો.
2) કેન્દ્રીય સહકાર મંત્રીઅમિત શાહે કહ્યું બનાસકાંઠા અને પંચમહાલની દરેક ગ્રામીણ ડેરીમાં માઇક્રો એટીએમથી અનેક પશુપાલકોને લાભ થયો છે.
3) કેન્દ્રીય મંત્રી સતીશચંદ્ર દુબેએ જણાવ્યું- કોલસા ક્ષેત્રે આજે 3 લાખ લોકોને રોજગારી મળી રહી છે.
4) પીએમ સૂર્યઘર યોજનામાં 40 ટકા યોગદાન સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે- વિધાનસભામાં ઉર્જા મંત્રી કનુ દેસાઇનું નિવેદન
5) મહિલા પ્રિમિયર લીગ ક્રિકેટ માં આજે ગુજરાત જાયન્ટસ અને યુપી વૉરિયર્ઝ વચ્ચે લખનઉમાં મુકાબલો

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MODI SASAN GIR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જુનાગઢના સાસણ ગીર ખાતે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડની સાતમી બેઠકની અધ્યક્ષતા કરી હતી. દરમિયાન વર્ચ્યુઅલ માધ્યમથી જૂનાગઢમાં રાષ્ટ્રીય રેફરલ કેન્દ્રનો શિલાન્યાસ કર્યો હતો. શ્રી મોદીએ એશિયાઈ સિંહોની ગણતરી 2025નો પણ શુભારંભ કર્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સાસણ ગીરની મુલાકાત અંગે અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન વિભાગના વડા ડૉક્ટર એ.પી.સિંઘે વધુ માહિતી આપી.

(બાઇટ: ડૉ. એ.પી.સિંઘ, PCCF)

રાષ્ટ્રીય રેફરલ કેન્દ્રમાં ઉપલબ્ધ થનારી સુવિધાઓએ અંગે પણ શ્રી સિંઘે માહિતી આપી હતી.

(બાઇટ: ડૉ. એ.પી.સિંઘ, PCCF)

એશિયાઈ સિંહના સંરક્ષણ અંગે વન વિભાગના પ્રયાસો અંગે માહિતી આપતા શ્રી સિંઘે આ મુજબ જણાવ્યું.

(બાઇટ: ડૉ. એ.પી.સિંઘ, PCCF)

. . . . . . . . . . . . .

# AMIT SHAH

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું બનાસકાંઠા અને પંચમહાલની દરેક ગ્રામીણ ડેરીમાં માઇક્રો એટીએમથી અનેક પશુપાલકોને લાભ થયો છે. નવી દિલ્હીમાં ડેરી ક્ષેત્રમાં ટકાઉપણું અને પરિભ્રમણ પર એક કાર્યશાળાનું ઉદ્ઘાટન કરતા શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ: અમિત શાહ – કેન્દ્રીય મંત્રી)

. . . . . . . . . . . . .

# GANDHINAGAR SATISH CHANDRA DUBE

કેન્દ્રીય કોલસા અને ખાણ રાજ્ય મંત્રી સતીશચંદ્ર દુબેની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં કોલસાની ખાણની વાણીજ્ય હરાજી અંગે રોડ શો યોજાયો હતો. આ પ્રસંગે શ્રી દુબેએ જણાવ્યું કે નવી પદ્ધતિઓથી કોલસા ક્ષેત્રે અનેક કામ થઈ રહ્યા છે. શ્રી દુબેએ ઉમેર્યું કે કોલસા ક્ષેત્રે આજે ૩ લાખ લોકોને રોજગારી મળી રહી છે.

(બાઇટ: સતીશ ચન્દ્રા દુબે, રાજ્ય કક્ષા મંત્રી)

. . . . . . . . . . . . .

# GUJARAT VIDHANSABHA

ગુજરાત વિધાનસભામાં આજે ધારાસભ્યો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનોના રાજ્યના મંત્રીઓએ જવાબ આપ્યા હતા. ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે રાજ્યના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ 20222-23માં 8 હજાર 233 કરોડ રૂપિયા અને વર્ષ 2023-24માં 9 હજાર 771 કરોડ રૂપિયા એમ કુલ બે વર્ષમાં 18 હજાર કરોડની સબસિડી અપાઈ છે . શ્રી દેસાઇએ જણાવ્યું ઉમેર્યું કે **પીએમ સૂર્યઘર યોજનામાં 40 ટકા યોગદાન સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે.** રાજ્ય સરકારે છેલ્લા એક વર્ષમાં 496 કરોડ રૂપિયાથી વધુની GST ચોરી પકડી છે. વિધાનસભામાં રાજ્ય સરકારે માહિતી આપી હતી કે GST ચોરીના દોષિતો સામે કાર્યવાહી કરી 246 કરોડ 87 લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં બજારમાંથી 94 હજાર કરોડ રૂપિયાની લોન લીધી છે. વિધાનસભા ગૃહમાં નાણાં મંત્રી કનુ દેસાઇએ જણાવ્યું હતું કે વર્ષ 2022 થી 2024માં રાજ્ય સરકારે 7.35 થી 7.66 ટકાના વ્યાજે 94 હજાર કરોડ રૂપિયાની લોન લીધી હતી. જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ આજે ગૃહમાં જણાવ્યું હતું કે સૌની યોજના દ્વારા ' સુરેન્દ્રનગર જિલ્લાના કુલ 49 ગામોને આગામી સમયમાં સિંચાઈ માટે નર્મદાના પાણીનો લાભ અપાશે. દરમિયાન, ક્રોંગ્રેસ ધારાસભ્ય અમિત ચાવડાએ વિધાનસભા કાર્યવાહીનું જીવંત પ્રસારણ તેમજ વિધાનસભા વિડિયો આપવા બાબતે અધ્યક્ષનું ધ્યાન દોર્યું હતું.

. . . . . . . . . . . . .

# PRAFUL PANSHERIYA - IITE

શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન- IITEનો સાતમો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે શ્રી પાનસેરીયાએ જણાવ્યું હતું કે , વિકસિત ભારતના નિર્માણમાં શિક્ષકોની ભૂમિકા ખૂબ જ અગત્યની છે.ત્યારે શિક્ષકોએ એવા બાળકોનું ઘડતર કરવાનું છે જેઓ ભવિષ્યમાં દેશના વિકાસમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપે. પદવીદાન સમરોહમાં IITEના 3 હજાર 10 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# HOUSING SOCIETY TRANSFER FEE

રાજ્યની ૩૦ હજારથી વધુ હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓ માટે ટ્રાન્સફર ફી નક્કી કરાઇ છે. સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે સહકારી કાયદામાં થયેલ સુધારા અંતર્ગત હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં કોઈપણ ઘરની ખરીદ-વેચાણ સમયે કુલ અવેજ રકમના 0.5 ટકા અથવા વધુમાં વધુ એક લાખ રૂપિયા કરતાં વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરી શકાશે નહી.

શ્રી વિશ્વકર્માએ ઉમેર્યું ટ્રાન્સફર ફી બાબતે સહકારી કાયદા અને નિયમોમાં જોગવાઈ ન હોવાના કારણે, સોસાયટીઓ દ્વારા મનમાની કરીને વ્યક્તિઓ પાસેથી મોટી ટ્રાન્સફર ફી વસૂલ કરાતી હોવાની ફરિયાદો રાજ્ય સરકારને મળી હતી.

. . . . . . . . . . . . . .

# RAJKOT- WATER SHORTAGE

રાજકોટમાં નર્મદા કેનાલમાં એપ્રિલ મહિનાથી રિપેરીગના કારણે પાણીનીતંગી સર્જાવાની શક્યતા છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચોમાસા સુધી પાણીની અછત ન પડે એવી વ્યવસ્થા કરવામાં આવી છે.જેમાં આજી ન્યારી ડેમ માંથી મોટાપ્રમાણમાં પાણી ઉપાડી વિતરણ કરવામાં આવનાર છે. રાજકોટ મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગના અધિકારી - કે.પી.દેથરીયા એ આ અંગે વધુ માહિતી આપી હતી.

(બાઈટ - કે.પી.દેથરીયા, વોટર વર્કસ વિભાગ RMC)

. . . . . . . . . . . . .

# Weather

રાજ્યમાં 24 કલાક બાદ લઘુતમ અને મહત્તમ તાપમાનમાં 02 થી 03 ડીગ્રીનો ઘટાડાં સાથે ગરમીથી રાહત મળવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

આગામી સાત દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહવાની આગાહી છે . આગામી 24 કલાકમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં. ત્યારબાદ તાપમાનમાં ત્રણથી ચાર ડિગ્રીનો ઘટાડો થશે.

દેશમાં ઉત્તર અને ઉત્તર પશ્ચિમમાં વેસ્ટન ડીસ્ટર્બન્સને કારણે પવનની દિશા પણ બદલાવાથી રાજ્ય તરફ ઠંડા પવન આવશે.જેથી રાજ્યમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે.

છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં મહત્તમ તાપમાન 34.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે સૌથી વધુ તાપમાન મહુવામાં 35.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

. . . . . . . . . . . . .

# WPL

મહિલા પ્રિમિયર લીગ – WPLમાં આજે યુપી વૉરિયર્ઝ અને ગુજરાત જાયન્ટસ વચ્ચે લખનઉમાં ક્રિકેટ મેચ રમાશે.

**છેલ્લા સમાચાર મુજબ** યુપી વૉરિયર્ઝ **ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.**

. . . . . . . . . . . . . .